C.C.No.2534/2023.

| | | |
|---|---|---|
| GJRJ050029292023 | **ફરિયાદ રજૂ થયા તારીખ** | **૧૮/૦૭/૨૦૨૩.** |
| | **ફરિયાદ દાખલ તારીખ** | **૧૮/૦૭/૨૦૨૩.** |
| | **ફરિયાદ નિકાલ થયા તારીખ** | **૦૭/૦૮/૨૦૨૬.** |
| | **અવધિ** | **વર્ષ માસ દિવસ**<br>**૩ ૦ ૧૮** |

**મહે.જેતપુરના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.જેતપુર.**

ફોજદારી કેસ નં.૨૫૩૪/૨૦૨૩.
જે.સીટી ગુ.ર.નં.૦૭૭૬/૨૦૨૨.
આંકઃ–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** જાવેદભાઈ ઉર્ફે જાવલો ભીખુભાઈ કુરેશી ઉ.વ.૩૪
રહે.ઈલાહીચોક, નવાગઢ,
જેતપુર જી.રાજકોટ.

---

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.
આરોપી તર્ફે વિ.વ.શ્રી.બી.બી.પરમાર

---

---

ઈન્ડિયન પીનલ કોડની કલમ– ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

---

# //ચુકાદો//

(૧) આ કેસમાં આરોપી સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) આ કેસમાં ફરિયાદપક્ષની ટૂંકમાં એવી હકીકત છે કે, તા.૧૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૫/૨૫ દરમ્યાન આ કામનાં આરોપીના બહેનને કેન્સરની બીમારી હોઈ જેથી તેની સારવાર માટે આ કામનાં ફરીયાદી મહમદભાઈ અબુભાઈ સાંધ રહે.જેતપુર વાળાને આરોપીએ આર્થીક મદદ કરવાનું જણાવતાં ફરીયાદીએ આર્થિક મદદ કરવાની ના પાડતા આ કામના આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને રૂબરુમાં બેફામ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આરોપીએ ફરીયાદીને અલગ અલગ ફોન નંબરથી ફોન કરી બેફામ ગાળો આપતા, આરોપીએ ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે તપાસ પૂરી થયા બાદ પોલીસે ચાર્જશીટ રજૂ કરેલ છે. ચાર્જશીટને આધારે આરોપીને સમન્સ બજી હાજર થતાં ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ- ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે અને આરોપીનું આંક-૦૩થી તહોમતનામું તેમજ પ્લી આંક-૪ થી લઈ ગુનો કબૂલ છે કે નહિ તે અંગે પુછતા તેઓએ ગુનો કબૂલ નથી એવું જણાવતા કોર્ટની કાર્યવાહી આગળ ચલાવેલ છે.

(૪) ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજૂ કરેલ છે.

**//મૌખિક પુરાવો//**

| અનુ.નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી મહમદભાઈ અબુભાઈ સાંધની જુબાની | ૦૮ |

**//દસ્તાવેજી પુરાવો//**

| અનુ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૦૯ |
| ૨. | પંચનામું | ૧૦ |
| ૩. | જડતી પંચનામું | ૧૧ થી ૧૩ |

(૫) ફરિયાદપક્ષે આંક-૧૫ થી પુરાવો પૂરો થયેલાનું જાહેર કરતા ફરિયાદપક્ષે આરોપી વિરુદ્ધ પૂરતો પુરાવો પડતો ન હોય ક્રી.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી શ્રી તથા બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૧૧/૦૮/૨૦૨૨ ના કલાક ૧૫/૨૫ દરમ્યાન આ કામનાં આરોપીના બહેનને કેન્સરની બીમારી હોઈ જેથી તેની સારવાર માટે આ કામનાં ફરીયાદી મહમદભાઈ અબુભાઈ સાંધ રહે.જેતપુર વાળાને આરોપીએ આર્થીક મદદ કરવાનું જણાવતાં ફરીયાદીએ આર્થિક મદદ કરવાની ના

પાડતા આ કામના આરોપીએ ઉશ્કેરાઈ જઈ ફરીયાદીને રૂબરુમાં બેફામ બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી તેમજ આરોપીએ ફરીયાદીને અલગ અલગ ફોન નંબરથી ફોન કરી બેફામ ગાળો આપતા ઈન્ડિયન પીનલ કોડની કલમ- ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે?

**(૨) શું હુકમ ?**

(૮) ઉપરોક્ત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નીચે મુજબના મારા નિર્ણયો છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોક્ત મુદ્દા અંગેના કારણો નીચે મુજબ છે?

**<u>//કારણો//</u>**

**<u>મુદ્દા નં-૧.</u>**

**(૧૦)** ભારતીય પુરાવા અધિનિયમ મુજબ ફરિયાદપક્ષની હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે. આરોપી સામે લગાવવામાં આવેલ તહોમત અંગેની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

***<u>S.504. Intentional insult with intent to provoke breach of the peace</u>**.—Whoever intentionally insults, and thereby gives provocation to any person, intending or knowing it to be likely that such provocation will cause him to break the public peace, or to commit any other offence, shall be punished with*

*imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.*

***<u>S.506. Punishment for criminal intimidation</u>.—****Whoever commits the offence of criminal intimidation shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both;*

*If threat be to cause death or grievous hurt, etc.—and if the threat be to cause death or grievous hurt, or to cause the destruction of any property by fire, or to cause an offence punishable with death or imprisonment for life, or with imprisonment for a term which may extend to seven years, or to impute unchastity to a woman, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, or with fine, or with both.*

(૧૧) આ કામે ફરિયાદપક્ષે આ કામના **ફરિયાદી મહમદભાઈ અબુભાઈ સાંધનાઓને આંક–૦૮થી** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓનો પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરિયાદપક્ષની હકીકત કરતા તદ્દન અલગ જણાવેલ છે અને આ કામના આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલી તેમજ આરોપીએ કોઈ ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી હકીકતને નકારેલ છે. તેમને ફરીયાદ બતાવતાં તેમની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આંક–૦૯ થી રજુ રાખેલ છે. સદર ફરીયાદી ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવ્યા છે. ઉપરાંત ફરિયાદપક્ષની ઊલટતપાસમાં પણ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપેલ નથી.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદ એ વાત સ્વીકારેલ છે કે, તેમને કોઈએ ગાળો બોલેલ હોય કે માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવેલ હોય તેવું બનેલ નથી.

(૧૨) ન્યાયના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવો પડે. હાલના કેસમાં રજૂ થયેલ તમામ પુરાવાઓને લેતા સદર કામે ફરિયાદપક્ષના સાહેદએ ફરિયાદ પક્ષની હકીકતને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષ દ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવ્યા છે.

આ સંદભે નામદાર સર્વોચ્ચ અદાલતે ***Sat Paul Vs. Delhi Administration . 1976 1 SCC 727*** માં નીચે મુજબ ઠરાવેલ છે,

*(SCC pp. 745-46, para 52)*

*"From the above conspectus, it emerges clear that even in a criminal prosecution when a witness is cross-examined and contradicted with the leave of the court, by the party calling him, his evidence cannot, as a matter of law, be treated as washed off the record altogether. It is for the Judge of fact to consider in each case whether as a result of such cross-examination and contradiction, the witness stands thoroughly discredited or can still be believed in regard to a part of his testimony. If the Judge finds that in the process, the credit of the witness has not been completely shaken, he may, after reading and considering the evidence of the witness, as a whole, with due caution and care, accept, in the light of the other evidence on the record, that part of his testimony which he finds to be creditworthy and act upon it.* ***If in a given case, the whole of the testimony of the witness is impugned, and***

***in the process, the witness stands squarely and totally discredited, the Judge should, as a matter of prudence, discard his evidence in toto."***

આ કેસમાં ફરિયાદ આપનાર ફરિયાદીની જુબાની જોતાં, ફરિયાદપક્ષની હકીકત મુજબ ફરીયાદીને કોઈએ માર મારેલ હોય કે ગાળો બોલેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી તમામ હકીકતને નકારેલ છે. આ ઉપરાંત ફરિયાદપક્ષે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ પુરવાર થયેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભે જયારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષી દ્ધારા જ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેની વધુ કાર્યવાહી ન કરતા ફરિયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જયારે હાલના કેસમાં ફરિયાદપક્ષની હકીકતને સમર્થન કરતો કોઈપણ પુરાવો રજૂ થયેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેના આક્ષેપિત ગુનામાં આરોપીને પોતાના બચાવ માટેનો લાભ મળે છે. જેથી ફરિયાદપક્ષના સાહેદ દ્ધારા રજૂ થયેલ પુરાવાઓ દ્ધારા આરોપી સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું ન હોય ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

**૧.** આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે ઈન્ડિયન પીનલ કોડની કલમ-૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે. વધુમાં આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે અગાઉના જામીનદારની પુરસીસ રજૂ કરવી.

૩. આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ મોબાઈલ અંગે જો અગાઉ વચગાળાના તબકકે હુકમ થયેલ હોય તો અપિલ સમય વિત્યે કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ મોબાઈલની માલીકી અંગે ખરાઈ કરી તેના મુળ માલીકને પરત સોપવું.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૭, માહેઃઓગષ્ટ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૭/૦૮/૨૦૨૬.
મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**જેતપુર**

**UIC–GJ01563.**

Typed by:– K.M.Vaja.guj.steno.